॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજ્જાગર

# સનાતન ધર્મ પત્રિકા

સોશિયલ મિડીયા

Email : office@sanatandharmpatrika.com | Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● જેઠ વદ - ૭ ● તા. ૦૧-૦૭-૨૦૨૧ ● ગુરૂવાર SDP NO : 436 MOB. : +91 78018 77774, +91 77189 77774, anksanatandharmpatrika@gmail.com


## વિદ્યાલક્ષ્મી અમૃતકુંભ



રાજકોટ જિલ્લાના રહાણા ગામના મૂળ વતની હંસરાજભાઈ સોજીત્રા રાજકોટની એક ઠકરશીમાં ભઠીકામમાં મજૂરી કરતા હતા. હંસરાજભાઈ અને નંદુબેનને સંતાનમાં ૨ દીકરીઓ અને એક દીકરો હતો. ૫ સભ્યોના પરિવારનું ગુજરાન ચલાવવાની સાથે સંતાનોની સુખાકારી માટે હંસરાજભાઈ રાત-દિવસ જોયા વગર કામ કરતા હતા.

હંસરાજભાઈ પોતે અભણ હતા પણ એની સમજણ ભલેલા ગણેલાને પણ ભોંઠા પાડે એવી હતી. ઘરમાં માત્ર પુરુષ જ નિર્ણય લે એવું નહીં પણ સ્ત્રીઓને પણ નિર્ણય લેવાની સ્વતંત્રતા અને હક્ક મળવા જોઈએ એવું દ્રઢપણે માનતા હંસરાજભાઈએ દીકરાની સાથે બંને દીકરીઓને પણ એમની કારકિર્દી માટે પૂરતી સ્વતંત્રતા આપી હતી.

પણ લોકોએ કહેલું કે આવી મોંઘવારીમાં દીકરીઓને ભણ્ય-ભણાવાય પણ હંસરાજભાઈ એ કોઈની વાતો કાને ધરવાને બદલે દીકરીઓ ની દિલની ઈચ્છા પૂરી કરવા માટે જાત ઘસી નાખી. સંતાનો સારામાં સારી રીતે ભણી શકે એટલે તેઓ કારખાનામાં કામ કરવા માટે સાઈકલ લઈને જતા જેથી બચત થાય અને એ રકમ ભાળકોના અભ્યાસ માટે વપરાય. પોતાના નાના ઘરમાં પ્લાસ્ટર કરવાનો ખર્ચ ન કરીને પ્લાસ્ટર વગરના સાદા મકાનમાં જ રહ્યા કારણકે તેઓ એવું માનતા કે મકાનને શણગારવામાં ખર્ચ કરવાને બદલે જીવનને શણગારવા માટે શિક્ષણ પાછળ ખર્ચ કરવો જોઈએ. મકાન ભલે પ્લાસ્ટર વગરનું હોય પણ જીવન શિક્ષણ વગરનું ન હોવું જોઈએ.

હંસરાજભાઈએ સંતાનોને ઉડવા માટે ખુલ્લું આકાશ આપ્યું તેના પરિણામ રૂપે મોટી દીકરી નિરવે સરકારી આયુર્વેદ કોલેજમાંથી એમ. ડી. સુધી અભ્યાસ કરીને પીએચડી પણ કર્યું અને અત્યારે ત્રિપુરામાં અગરતલા ખાતે ભારત સરકારના અધિકારી તરીકે એમની સેવાઓ આપે છે. નાની દીકરીએ પબ્લન સરકારી કોલેજમાંથી જ ઈન્જીનેઅરિંગ ટેકનોલોજીમાં એન્જીનીયરીંગ કર્યું અને બેંગ્લોર બેઠેલ કંપનીમાં ઉચ્ચ હોદ્દા પર આઈ. ટી. પ્રોફેશનલ તરીકે કામ કરે છે જ્યારે સૌથી નાના દીકરા કેયુરે એની પસંદગીમાં મેનેજમેન્ટ સબ્જેક્ટમાં અભ્યાસ કર્યો અને પ્રતિષ્ઠિત કંપનીમાં સારા પગારથી નોકરી પર લાગી ગયો.

હંસરાજભાઈએ એક જ કારખાનામાં સાડ વર્ષ મજૂરીકામ કર્યું. પોતાના જેવું જીવન સંતાનોને ન જીવવું પડે એટલે એક અભણ પિતાએ અનેક ના અભાવો વચ્ચે જીવન જીવીને સંતાનોને ભણાવ્યા. સંતાનોએ પણ પિતૃઋણ અદા કરવા જુના ખખડધજ મકાનની જગ્યાએ ભીતિક સુવિધાઓથી સભર એક આધુનિક મકાન તૈયાર કરીને પિતાને ભેટમાં આપ્યુ.

ભગવાનને પણ કંઈક જુદુ જ મંજૂર હશે. જે પિતાએ સંતાનોના સુખી જીવન માટે પોતાની જાતને ઓગળી દીધી એ સંતાનોના જીવનમાં સુખનો સુરજ ઉગતાની સાથે હંસરાજભાઈનો જીવનદીપ ઓલવાઈ ગયો. થોડા સમય પહેલા જ કોરોનાના લીધે હંસરાજભાઈનું અવસાન થયું.

એક અભણ માણસની સમજણ અને સમર્પણ સંતાનોના જીવન પુષ્પને ફેલવા બીલવે છે એવું હંસરાજભાઈ ઉત્કૃષ્ટ દિલાદરણ છે.

- શૈલેષ સગપરિયા

## YSK સહયોગનિધિ... YSK સભ્ય મિત્રો...

આખર તારીખ ૧૫.૦૬.૨૦૨૧ જી સહીહોવાથી..નિયમ મુજબ..

- હવે, જેમની સહયોગનિધિ ભરવાની હજા બાકી છે તેમણે;

**રિસ્ક કવરેજ ચાલુ કરવા..**

**₹ ૧૦૦/- 'લેટ ફી' સાથે સહયોગનિધિ ભરવી.**

➡ છૂટની તારીખ ૧૫.૦૭.૨૦૨૧ સુધીમાં, આપે જ્યે ₹ ૧૦૦/- લેટ ફી સહિત સહયોગનિધિ જમા નથી કરતા તો..

- આપનું સભ્યપદ Deactive થઈ જશે. એટલે કે કોઈ લાભ પ્રાપ્ત નહીં થાય.

- ત્યારબાદ સભ્યપદ Active કરાવવા..

₹ ૧૦૦ લેટ ફી ₹ ૨૦૦/- વહીવટી ખર્ચ = કુલ ₹ ૩૦૦ વર્ષ દીઠ વહીવટી ખર્ચ ઉમેરી સહયોગનિધિ ભરવી પડે.

સભ્યપદ જ્યારથી ફરી Active કરાવો ત્યારે નિયમ મુજબ, ૧ વર્ષનો Locking Period લાગુ પડે..

આવું ન થવા દેસો..

આપણા પરિવારના દરેક સભ્યના સભ્યપદ સુરક્ષિત રહે તે અંગે અવગત કરવાની ફરજ કાર્યકર્તાની છે પણ તે માટે સમયસર સહયોગનિધિ ભરવાની જવાબદારી આપણી પોતાનીછે..

➡ સહયોગનિધિની રકમ ઝણવા અને Online ભરવા માટેની લિંક :

https://digitalysk.appspot.com

➡ નોંધ : ૧૫/૬/૨૦૨૧ પછી.. Active સભ્યોએ લિંકમાં દર્શાવેલી સહયોગનિધિમાં ₹ ૧૦૦/-લેટ ફી ઉમેરવી.

અને

Deactive થઈ ગયેલ સભ્યોએ વર્ષદીઠ વહીવટી ખર્ચ સાથેની ભરવાની થતી કુલ રકમ ઓફીસ પરથી જાણીને ભરવી.

**-: બેંકમાં ભરવા માટેની માહિતી :-**

State Bank Of India
Yuva Surksha Kavach
Saijpur Bogha Branch
A/c No : 30735629087
Ifsc code : SBIN0003044

HDFC Bank
Yuva Suraksha Kavach
Talod Branch
A/c No : 50200016473482
Ifsc code : HDFC0003007

ઉપેમેન્ટની વિગત YSK office No : 75758 98989 પર વોટ્સઅપ કરી દેવી.

**#અપને લિए નહીં, અપનાં કે લિए..**

**#Mission YSK #Team DGR**



## શ્રી અમરાવતી કચ્છ કડવા પાટીદાર સમાજ, અમરાવતી (મહારાષ્ટ્ર)

સંયોજક:- વીરજીભાઈ રામજીભાઈ ભાવાણી અમરવતી (મહારાષ્ટ્ર).

ગત તારીખ ૨૭-૬-૨૦૨૧, રવિવારના બપોરપછી ૪:૦૦ વાગ્યે સ્થાનિક 'સાઈજ હોલ્ટેક્ષ' ગાર્ગોનગર ખાતે સરકારકીના આદેશાનુસાર માસ્ક અને સોનેટાઈઝરનો સદુપયોગ તેમજ સામાજિક અંતર સિતાયલ ડિસ્ટન્સ) રાખીને સુરક્ષિત રીતે આસન-બેઠકની વ્યવસ્થા સાથે, અમરાવતી કચ્છ કડવા પાટીદાર સમાજની કારોબારી સભાનું આયોજન પ્રમુખશ્રી અશોકભાઈ સોમજીભાઈ ભાવાણી ના જેષ્ઠ હેઠળ ગોઠવવામાં આવેલ.

સૌપ્રથમ સભામાં ઉપસ્થિત દરેક સભાસદોનું મહામંત્રીશ્રી ગોવિંદભાઈ મુળજીભાઈ રામાણી દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ ગત મીટીંગની મીનીટ્સ-બુકનું વાંચન કરવામાં આવેલ, જેને સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ.

સભાના એજન્ડા મુજબ આગામી સર્વસાધારણ સભાના આયોજન બાબત વર્ચાર-વિચારણા પશ્ચાત સર્વાનુમતે એવું નક્કી કરવામાં આવ્યું કે વર્તમાનસમયમાં કોરોના સંક્રમણના કારણે અત્યારના સંજોગોમાં સર્વસાધારણ સભાનું આયોજન કરવું હિતાયક નથી. સમાજજનોના આરોગ્ય અને સુરક્ષા માટે સાવચેતી રાખવી અત્યન્ત મહત્વપૂર્ણ બાબત છે. એટલા માટે સમયોચિત આગામી સર્વસાધારણ સભાનું આયોજન કરવામાં આવે એવું સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ.

પ્રમુખશ્રીની મંજૂરીથી અન્ય વિષયમાં મહામંત્રીશ્રી ગોવિંદભાઈ રામાણી દ્વારા આગામી સમાજોપયોગી કાર્યવાહી હાથ ધરવા બાબત ઉપસ્થિત સદસ્યો સમક્ષ સમીક્ષા કરવામાં આવેલ. આગા સંદર્ભમાં કારોબારી સદસ્ય C.A. રાજેશભાઈ મગનભાઈ ભાવાણી એ પોતાનું મંતવ્ય જણાવેલ અને તેમના દ્વારા માર્ગદર્શન કરવામાં આવેલ.

સભાની કાર્યવાહીના અંતમાં મંત્રીશ્રી શાંતિભાઈ મગનભાઈ ભાવાણી દ્વારા આભારવિધિ પશ્ચાત પ્રમુખશ્રીની મંજૂરી મેળવીને સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવેલ.

-અસ્તુ.

## મુન્દ્રા - સુરત વચ્ચે વધુ એક સ્લીપર સેવાનો પ્રારંભ

સુરત એસ.ટી. વિભાગ દ્વારા મુન્દ્રાને જોડતી એક વધુ સ્લીપર સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

સુરતથી આ બસ સેવા સાંજે સાત વાગ્યે ઉપડી (વાયા અંકલેશ્વર ચોકડી, વડોદરા, અમદાવાદ, ધ્રાંગધ્રા, ભચાઉ, ગાંધીધામ, અંજાર) માર્ગે સંચાલિત થઈ મુન્દ્રા બીજા દિવસે સવારે નવ વાગ્યે પહોંચશે. મુન્દ્રાથી સુરતની સેવા સાંજે છ વાગ્યે પ્રસ્થાન પામી એ જ માર્ગે સંચાલિત થઈ સુરત બીજા દિવસે સવારે આઠ વાગ્યે પહોંચશે. મૂળ ભુજ કચ્છની વિમાનીય એસ.ટી. અધિકારી સંજયભાઈ એચ. જોશીએ પ્રવાસી જનતાને નવીનતમ સેવાનો લાભ લેવા અનુરોધ કર્યો છે.

## સનાતન ધર્મ પત્રિકા

આ વર્ષ અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની ૧૪૪મી રથયાત્રા નીકળશે



રથયાત્રા સવારે ૬ વાગ્યાથી રાતે ૧૨ વાગ્યે નિજમંદિર પરત ફરશે
આ વર્ષ રથયાત્રામાં ૨૬૧ અખાડા અને ૭૫૦ મંડળીઓ નહીં જોડાઈ શકે

**ગુજરાતમાં હવે લગ્નમાં ૧૦૦ લોકોને આમંત્રણ આપી શકાશે.**

પોલ, ઓનલાઈન સમાં રથયાત્રીઓમાં ૨૦ લોકોને જુઠ, સમાજીક - ડ્રાયમીક કાર્યો સમાં લાઈવ દર્શનિક રાખવી જ્યાં રથયાત્રી જ્યાંથી જ્યાંથી જ્યાંથી પસાર થઈ રહ્યા હોય ત્યાંથી રથયાત્રા ૨૦૨૧ લોકો નિર્ણયિત કરી શકશે, રાજ્યમંત્રીની જાહેરાત ૧૦ રાખવી જુઠ, સોમવારે અમદાવાદ ૨૦ રાજ્ય સમાં કાર્યો-અર્ચન કરવે ૨ લોકના જુઠી સમુ સમાં રાખવો

## કેનેડા-અમેરિકામાં ગરમીથી હાહાકાર

**કેનેડામાં ૧૩૦થી વધુ મોત : મંગળવારે કેનેડાના ઇતિહાસનું સૌથી વધુ તાપમાન ૪૯.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું : અમેરિકાના ઉત્તર-પશ્ચિમ વિસ્તારમાં પણ આકરી હીટ-વેવ**

કેનેડામાં હીટવેવને કારણે શુક્રવારથી ૧૩૦થી વધુ વ્યક્તિનોના જીવ ગુમાવ્યા છે.

કેનેડાના બ્રિટિશ કોલમ્બિયા પ્રાંતમાં આવેલા લેન્યુલ્યમાં પણ વધુ થયા છે.

મંગળવારે બ્રિટિશ કોલમ્બિયાના લિટનમાં સતત બીજા દિવસે ઓછા-ઝાઝો હાઈ તાપમાન નોંધાયું હતું. મંગળવારે નોંધાયેલો ૪૯.૬ ડિગ્રી સેલ્સિયસ તાપમાન આગલા જ દિવસના ૪૩.૯ ડિગ્રી સેલ્સિયસ અને ૪૨.૬ ડિગ્રી સેલ્સિયસનો રેકોર્ડ તોડી નાખ્યો હતો. મંગળવારનું તાપમાન

www.jeevansparsh.com

- Corporate Club Member - LIC OF INDIA
- TOT, COT & MDRT (USA) Qualifier Member Since 2002
- Life Member of MDRT (USA)
- "Area Chair for Central INDIA" of MDRT MCC Committee

BRIJESH PATEL
INSURANCE & INVESTMENT CONSULTANT

Insurance Planning | Wealth Management | Prudent Advice | Technology Enabled

All above, with best in class servicing

LIC भारतीय जीवन बीमा निगम LIFE INSURANCE CORPORATION OF INDIA

Qualifying & Life Member MDRT

JEEVAN SPARSH
E-73 Sector-1, Devendra Nagar, Raipur (C.G.), Tel. : 0771-2526774, 4044774
Mob. : 94252 04774, 95841 47000, E-mail: jeevansparsh@gmail.com
सही सलाह हर बार...


## મહારાષ્ટ્રના લોકોને કર્ણાટકમાં ડાયરેક્ટ એન્ટ્રી નહીં

**RT-PCRનો નેગેટિવ રિપોર્ટ કે વેક્સિનના એક ડોઝનું સર્ટિફિકેટ દેખાડવાનું ફરજિયાત**

કર્ણાટકે મહારાષ્ટ્રથી તેમના રાજ્યમાં આવતા લોકો માટે RT-PCR ટેસ્ટનો નેગેટિવ રિપોર્ટ અથવા વેક્સિનના કમસે કમ એક ડોઝનું સર્ટિફિકેટ દેખાડવાનું ફરજિયાત કર્યું છે. RT-PCR ટેસ્ટનો નેગેટિવ રિપોર્ટ કર્ણાટકી વધુ જુનો ન હોવો જોઈએ એવું પણ લેટેસ્ટ સર્ક્યુલરમાં કહેવામાં આવ્યું છે. મહારાષ્ટ્રના ઘણા વિદ્યાર્થીઓ કોરોનાવાઈરસના ડેલ્ટા પ્લસ વેરિએન્ટના કેસ મળી આવ્યા હોવાને લીધે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

## કોવિડ-મરણના વળતરની રકમ નક્કી કરવા ૬ અઠવાડિયાંનો સમય

**નેશનલ ડિઝેસ્ટર મેનેજમેન્ટ ઑથોરિટી પોતાની ફરજ ચૂકી છે એમ કહીને સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો કે આ વળતર ફરજિયાત છે**

કોરોનાવાઈરસને લીધે જીવ ગુમાવનારી વ્યક્તિના પરિવારને ન્યાયમૂર્તિ વળતર મળવું જ જોઈએ એવું જણાવે કોર્ટે સરકાર સમક્ષ સવાલ કર્યો.

આવું કહીને સુપ્રીમ કોર્ટે નેશનલ ડિઝેસ્ટર મેનેજમેન્ટ ઑથોરિટી (NDMA)ને વળતરની રકમ અને જરૂરી માર્ગદર્શનો નક્કી કરવા ૬ અઠવાડિયાંનો સમય આપ્યો હતો.

કોર્ટ કહ્યું હતું કે વળતર કેટલું આપવું એ અંગે સત્યાવીસમીએ સમજણ પર પહોંચવે જોઈએ.

કોર્ટ કહ્યું હતું કે ઉપલબ્ધ ફન્ડ અને રિસોર્સિસને ધ્યાનમાં રાખીને રકમ નક્કી કરી શકાય.

વળતરનો રકમ અને એમના નિયમો નક્કી કરવાનું અધિકાર કાર્યકારી નથી એમ જણાવીને અદાલતે કરવામાં આવેલ NDMAની દલીલ કરી હતી. કોર્ટે કહ્યું હતું કે પરિવારોને સહાયતાનુસાર ચલાવવા સક્રિયની રાહત આપવા NDMA બંધાયેલી છે.

કોર્ટે એમ પણ કહ્યું હતું કે કોરોનાને લીધે જીવ ગુમાવનારી વ્યક્તિના પરિવારોને ૨ લાખ રૂપિયાનું વળતર આપવાનું અને એવી અરજીની સુનાવણીના સંદર્ભે કોર્ટે આપે આદેશ આપ્યા હતા.

૨-૩ સરકારે આ મુજબ આ મહિને જ કોર્ટને કહ્યું હતું કે આ પ્રકારનું વળતર આપી શકાય એમ નથી કારણ કે એ ફુકરની આવાક વધારે જ અપાઈ હોય છે.

૨-૩ સરકારે એમ પણ કહ્યું હતું કે કોરોના ૨ લાખ રૂપિયા આપવાનું રાજ્યોને નહીં પોસાય, કારણ કે લોકડાઉનને કારણે તેમની પોકેટોની જ ભારે આર્થિક કમાણ હોય છે.





## ડॉક્ટર્સ દિવસ પર ડॉક્ટર્સ को समर्पित
## आखिर डॉक्टर भी एक इंसान है।

माना कि यह दूसरा भगवान है,
किंतु डॉक्टर भी एक इंसान है।
मानवता का तकाजा, आदर्शवाद का पिटारा,
समाज सेवा की ठेकेदारी,
संवेदनशीलता की लाचारी।
क्या है सिर्फ चिकित्सक की जिम्मेदारी ?
कोन समझेगा मला डाक्टर की,
यह मनोवैज्ञानिक बीमारी ?
किसके पास इसका निदान है।
**आखिर डॉक्टर भी एक इंसान है।**
मूल हर किसी से होती है अनजानें में
फिर डॉक्टर ही राजा का हकदार क्यों है जमानें में ?
नेता हो, प्रशासक हो या हो धर्म का प्रचारक,
हो वकील, व्यापारी या यांत्रिकी कलाकार,
सभी चूक जाते है कुछ न कुछ भूल जाते हैं।
सिर्फ एक गम है, क्या डॉक्टर मुजरिम है ?
उसी पर क्यों लगाया सी.पी.ए. का विधान है,
**आखिर डॉक्टर भी एक इंसान है।**
डॉक्टर मशीन नहीं मानव है,
उसके भी जीवन की लय है,
जिसके काम की न है कोई सीमा,
और न ही कोई समय है।
सुबह हो या शाम, दिन हो या रैन,
न ही कभी आराम, न ही कभी चैन।
फिर भी वह हिपोक्रेट्स के वचनों का पालक है।
त्याग, तपस्या, सेवा का अनुगामक है।
उसे नहीं चाहिए नि:स्वार्थ पुण्य कार्य की,
प्रशंसा या पुरस्कार, किन्तु आप दे सकते हैं,
थोड़ा सा सम्मान थोड़ा सा प्यार।
किसी ने कभी नहीं सोचा कि
वह कितना परेशान है।
**आखिर डॉक्टर भी एक इंसान है।**

इनका सम्मान करें

Respect Them

जायंट्स सुरेन्द्र पटेल